તા- ૧૯/૦૫/૨૦૨૦


હવે થી બધું સ્વદેશી....
શિક્ષણ પણ, ચલો ગુરુકુલ કી ઓર
शार्दूल शिशु विहार
स्वयमेव मृगेन्द्रता
Shardul Shishuvihar
Shardul.org

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | 8 | 6 | 4 |
| | 7 | 3 | | | 5 | | | |
| 1 | | 4 | | 2 | 9 | | | 7 |
| | | | | 5 | | | 4 | |
| | 5 | | 1 | | 8 | 9 | 7 | |
| 9 | 4 | | | 3 | | | 1 | 5 |
| | | | 3 | 9 | 1 | | | 6 |
| 2 | 1 | 7 | | | | | | |
| | 9 | | 2 | | | 5 | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 4 | 1 | | | | 2 | | |
| | | 9 | | 5 | | 1 | 3 | 8 |
| | | | 1 | 6 | 2 | | | |
| 6 | 9 | | 7 | | 5 | 4 | | |
| | | 4 | 6 | | | 9 | | 5 |
| 5 | | 7 | | 1 | 4 | | | |
| | 7 | | 3 | | | | | 1 |
| | | | 5 | 9 | | 3 | | |
| | 1 | 8 | | | | | 9 | 4 |

# ઉખાણું

દૂધ મલાઇ મને બહું ભાવે

વાઘની માસી સૌ કહે મને

કૂતરાને જોઇ હું ગભરાઉં

ઊંદર જોઇને હું લલચાઉં.

# જોડકણા

આગબોટ તો સરસર ચાલી પાણી ઊંડા કાપી,
દરિયા વચ્ચે મારગ કરતી સરપટ દોડી ચાલી.

# ક્રિયાકલાપ

| | |
|---|---|
| સાધન સામગ્રી | વોટર કલર, કાગળ |
| વર્ણન | |



| ચિત્ર |
|---|



# વાર્તા

## કૂકડે.... કૂક

— રક્ષાબહેન દવે

રાતના બે વાગ્યા હશે. પવને મધુમાલતીને કાનમાં આવીને કાંઈક કહ્યું અને મધુમાલતી ધ્રુજી ઊઠી. તેણે ઝૂકીને ગુલાબના છોડને કહ્યું અને ગુલાબ અકળાઇ ઊઠયો. વાત સાંભળીને મોગરો તો મૂંઝાઈ જ ગયો. સૂરજમુખીના છોડે આ વાત સાંભળી ત્યારે તે તો રોઇ પડયો. તળાવની કમલિનીઓ આ વાત સાંભળીને માથું કૂટવા માંડી.

શી હતી એ વાત ?

રાતરાણી પણ એ વાત સાંભળીને અકળાઇ ઊઠી અને બોલી, ‘પણ મારે હવે સૂઇ જાવું છે, હું થાકી ગઇ છું.’પણ એ હવે સૂઇ નહીં શકે. તેને બગીચાનું ધ્યાન રાખવા માટે બીજા બાર કલાક જાગવું પડશે. કારણ કે હવે ગુલાબની કળીઓ કે મોગરાની કળીઓ ખીલી શકશે નહીં. ગુલછડી પણ ગભરાઈ ગઈ.

તેનેય હવે સૂઈ જવું હતું પણ કોઈ જાગે તો પોતે સૂઈ શકે ને ? કમલિની એટલે કમળનો છોડ. તેની ઉપર કમળો ઊગશે નહીં. કારણ કે સવારે સૂરજ ઊગવાનો નથી. કારણ કે પૂર્વદિશાની ચાવી પવને ખોઈ નાખી છે. એક પહાડ ઉપરથી બીજા પહાડ ઉપર તે ઠેકડો મારવા ગયો ત્યાં વચમાં વહેતી નદીમાં પૂર્વ દિશાનું તાળું ખોલવાની ચાવી પડી ગઈ. હવે શું થાય ? સવાર પડશે ત્યારે આવું વિચારતો કમળમાં પુરાયેલો ભમરો આ વાત સાંભળીને ડૂસકે ચડી ગયો.

કાચબાઓ અને દેડકાઓથી આ સહેવાયું નહીં. કોઈ મુશ્કેલીમાં હોય તો મદદ તો કરવી જ જોઈએ ને ? કાચબાઓ અને દેડકાઓ કહે, ‘અમે નદીમાં પડીને ચાવી શોધી લાવીએ.’ અને તેઓ નદીમાં પેઠા. પણ ત્યાં તેમણે નાની નાની માછલીઓ પાસેથી સાંભળ્યું કે એક મોટી માછલી આ ચાવીને ગળી ગઈ છે. અને હવે તો એ ક્યાંયની ક્યાંય ભાગી ગઈ હશે. કદાચ નદીમાંથી હવે દરિયામાં પેસી ગઈ હશે. કાચબાઓ અને દેડકાઓ બોખા જેવું મોઢું લઈને પાછા ફર્યા. સૌ નિરાશ થઈ ગયા.

સવારના સાડા પાંચ થવા આવ્યા. વહેલા ઊઠવાની ટેવવાળા લોકો જાગ્યા. તેમણે આ જાણ્યું ત્યારે તેઓ કંપી ઊઠયા. કહેવા લાગ્યા, ‘અરે એ ! સૂરજ ન ઊગે તો તો ભૂંડું થાય. નહીં વાદળાં બને, નહીં વરસાદ આવે અને જંતુઓ ફેલાશે. રોગચાળો ફાટી નીકળશે.’

ખેડૂતો કકળી ઊઠયા, ‘વરસાદ વિના વાવેલું ઊગશે નહીં. અને ઊગેલા છોડ સૂરજ વિના પીળા પડી જઈ મરી જશે. રામ–રામ–રામ ! સૂરજદેવ વિના તો નહીં ચાલે.’

પક્ષીઓમાં પણ ફફડાટ પેઠો. ચકલીએ ચકલાને કહ્યું, ‘હવે આપણે શું કરશું ? બચડિયાં જાગીને ખાવા માંગશે ત્યારે અંધારામાં શોધવા પણ ક્યાં જાશું ?’ કાગડા જેવો કાગડોય ચિંતા કરવા લાગ્યો.



સવારના છ થવા આવ્યા. પણ અંધારું ઘોર ! કૂકડાભાઈ કહે, 'ચાવી તો હવે મળે એમ નથી. તેથી પૂર્વનાં બારણાં ખૂલશે નહીં. અને તેથી સૂરજનો રથ હવે આવી શકશે નહીં. પણ મને એક 'આઈડિયા' સૂઝે છે. પૂર્વ દિશામાં જઈને જોશથી બે બારણાંની વચમાં મારેલા તાળા પાસે ઊભો ઊભો કૂકડે....કૂક એમ જોશથી સૂરજદાદાને પોકાર પાડું. મારા આ કૂકડે....કૂકનો જાદુ અજમાવી જોઈએ.' બધા કહે, 'હા, હા, શું કામ નહીં ? એવું ય કરી જુઓ.'

અને કૂકડાએ પૂર્વ દિશામાં જઈને બે બારણાંની વચ્ચે લગાવેલા તાળા પાસે ઊભા ઊભા કૂકડે.....કૂક એમ જોરથી પોકાર પાડયો. બારણાં થોડાં ધ્રૂજ્યાં. સૌ મલકાઈ ઊઠ્યા. કૂકડાએ ફરીથી કૂકડે....કૂક કર્યું અને પૂર્વ દિશાની પારથી બે હાથીઓ દોડી આવ્યા. એમણે બારણાંને ધક્કો મારીને આગળિયો તોડી નાખ્યો. બારણાં ખૂલી ગયાં. અને કૂકડાની કલગી જેવું લાલ લાલ ઉપરણું ઝુલાવતાં ઝુલાવતાં સૂરજદેવ પધાર્યા. બધા રાજી રાજી થઈ ગયા.

કિરણનો હાથ લાંબો કરી ગુલાબની કળીઓને ગાલે ટપલી મારીને સૂરજે કહ્યું, 'એઈ, ઊઠો.' કળીઓ આંખો ચોળવા લાગી અને ઘડીની વારમાં ફૂલ બનીને મઘમઘવા માંડી. કિરણનો હાથ લાંબો કરી સૂરજદાદાએ મોગરાની કળીઓની મુઠ્ઠીઓ ઉઘાડી નાખી. તળાવની કમલિનીઓ કમળ બની ગઈ. એટલે એમાંથી ગુન–ગુન–ગુન કરતો ભમરો બહાર નીકળીને બોલ્યો, 'સૂરજદાદા કી જૈ.' સૂરજમુખીએ ઊંચું જોઈને સ્મિત કર્યું. જાસૂદે વાંકા વળી નમસ્કાર કર્યા.

મધુમાલતી નાચી ઊઠી. કૌરવ–પાંડવ વેલની કળીઓ જામલી જામલી મલકી ઊઠી અને સુગંધનો દરિયો લહેરાયો. રાતરાણી અને ગુલછડીને નિરાંત થઈ ગઈ, 'હાશ, આખો બાગ હવે જાગી ગયો છે. હવે અમે આરામ કરીએ તો વાંધો નથી.' અને બંને નિરાતે સૂઈ ગયાં.

બસ, ત્યારથી કૂકડો રોજ સવારે કૂકડે....કૂક બોલે છે અને પૂર્વ દિશા ખૂલે છે અને સૂરજદાદા પધારે છે. હવે નથી આગળા કે હવે નથી તાળાં. કૂકડાભાઈ કૂકડે....કૂક બોલે અને સૂરજદેવ પૂર્વમાં પ્રગટ થાય.

જે દિવસે સૂરજદાદા કૂકડાના કૂકડે... કૂકથી ઊગ્યા તે દિવસનું નામ રવિવાર પડ્યું. રવિ એટલે સૂરજ. અને લોકોએ તે દિવસે રજા રાખી અને સારું સારું ભોજન રાંધીને ખાધું. બોલો ''કૂકડે...કૂક.''

■

# વિજ્ઞાન પ્રયોગ

૮

## બૉટલ નીચે રહેલો સિક્કો (૧)





**સાધન-સામગ્રી** : ઢાંકણાવાળી ૧ લિટરની પેટ બૉટલ, પાણી, સપાટ સપાટીવાળું મેજ, પાણી, પાંચ રૂપિયાનો સિક્કો, સ્ટીલની પાતળી માપપટ્ટી

**કૃતિ** :

૧. બૉટલનો ૧/૪ ભાગ પાણીથી ભરી ઢાંકણ બંધ કરો.

૨. પાંચ રૂપિયાનો સિક્કો મેજના ખૂણા ઉપર મૂકો.



(૧)

૩. પાંચ રૂપિયાના સિક્કા ઉપર બૉટલને ઊંધી મૂકો.

૪. કોઈને બૉટલને પાડ્યા કે ઉઠાવ્યા વિના સ્ટીલની માપપટ્ટીના ઉપયોગથી સિક્કો કાઢવાનું કહો.



(૨)

**નિરીક્ષણ** : જ્યારે સ્ટીલની માપપટ્ટીથી સિક્કાને સપાટી સામેથી ધક્કો મારવામાં આવે છે ત્યારે સિક્કો બૉટલ પાડ્યા વિના નીકળી જાય છે.

**શા માટે?** :

૧. સ્થૂળ પદાર્થ ઉપર દબાણ / બળ લગાડવામાં આવે છે ત્યારે સ્થૂળ પદાર્થમાં ગતિ ઉત્પન્ન થાય છે.

૨. સિક્કો અને બૉટલ મેજ ઉપર સ્થિર છે જ્યારે સિક્કાને માપપટ્ટી પડે ફટકો મારવામાં આવે છે ત્યારે તે બહાર નીકળે છે કારણ કે આપવામાં આવેલા દબાણથી સિક્કામાં ગતિ ઉત્પન્ન થાય છે અને બૉટલ સ્થિર રહે છે.

**સિદ્ધાંત** : આ ન્યૂટનના ગતિના પ્રથમ નિયમ ઉપર આધારિત છે. બાહ્ય બળની અસર ન થાય ત્યાં સુધી સ્થિર કે ગતિવાળી જે સ્થિતિમાં પદાર્થ હોય તે સ્થિતિમાં જ રહેવાનો ગુણ ધરાવે છે.

# ગૃહકાર્ય

https://vimeo.com/showcase/7115092

https://vimeo.com/showcase/7115096

https://www.youtube.com/watch?v=wcHw-m2QgJ8&feature=youtu.be




સામગ્રી: બે બિલ્લા, પંચ અથવા હથોડી-ખીલ્લી, સેલોટેપ




બિલ્લાઓમાં વચ્ચે કાણાં કરો.




બન્ને બિલ્લાઓને સેલોટેપ વડે ચોંટાડો.
ક્યાંય ખુલ્લી જગ્યા ન રહેવી જોઈએ.




બે હોઠની વચ્ચે સિસોટી રાખી સતત ફૂંક મારો/ખેંચો.
સરસ અવાજ થશે!





બે હોઠની વચ્ચે સિસોટી રાખી સતત ફૂંક મારો/ખેંચો.
સરસ અવાજ થશે!

| રમત |
| --- |
| https://vimeo.com/showcase/7115065 |
| https://vimeo.com/showcase/7115087 |
| https://www.youtube.com/watch?v=DG67pBaBd9c&feature=youtu.be |

| મેરા ભારત મહાન. | |
| --- | --- |
| विदेशी | (स्वदेशी) |
| WhatsApp | Jio Chat |

| -: રામાયણ :- |
| --- |
| સુગ્રીવ અને વાલી પાસે કઈ-કઈ શક્તિ હતી? |

# दुर्लभं भारते जन्म

## બદામી ગુફા મંદિર, બાગલકોટ, કર્ણાટક



બદામી ગુફા મંદિર ભારતના કર્ણાટકના ઉત્તરીય ભાગમાં આવેલા બાગાલકોટ જિલ્લામાં સ્થિત હિન્દુ અને જૈન ગુફા મંદિરોનું એક સંકુલ છે. આ ગુફાઓ ભારતીય પથ્થરોને કોતરીને નિર્માણ કરવામાં આવેલા સ્થાપત્યનું ઉદાહરણ માનવામાં આવે છે. આ ગુફાઓ બદામીમાં ચાલુક્ય વંશ ના સમય છઠ્ઠી સદી ની આસપાસ સ્થાપિત છે. બદામી પ્રારંભિકકાળમાં ચાલુક્ય વંશની રાજધાની વટપી બદામી તરીકે જાણીતી હતી, જેમણે છઠ્ઠી થી આઠમી સદી દરમિયાન કર્ણાટક પર શાસન કર્યું હતું. બદામી માનવસર્જિત તળાવની પશ્ચિમ કિનારે દિવાલથી ઘેરાયેલું શહેર છે; અને તે ઉત્તર અને દક્ષિણમાં ચાલુક્ય વંશ ના રાજાઓ દ્વારા સ્થાપિત કિલ્લાઓ દ્વારા બંધાયેલ છે.બદામી ગુફા મંદિરો એ દખન પ્રદેશમાં હિન્દુ મંદિરોના કેટલાક પ્રાચીન ઉદાહરણો રજૂ કરે છે. આ મંદિરો આહોલના મંદિરો કે જે મલાપ્રભા નદી ના કાંઠે સ્થિત છે તેની સાથે સરખાવી શકાય એવા છે, જેણે ભારતના અન્ય હિન્દુ મંદિરોના સ્થાપત્યો ને પ્રભાવિત કર્યા છે.

શહેરના દક્ષિણ-પૂર્વમાં નરમ બદામી રેતીના પત્થરથી બનેલી ગુફાઓની સંખ્યા ક્રમાંક એક થી ચાર જેમાં ગુફા નં. ૧ માં, શિવજી નટરાજાના રૂપમાં તાંડવ નૃત્ય કરનારી એક પ્રખ્યાત કોતરણી છે, સાથેજ ગુફા એક અને બે માં વિવિધ હિન્દુ દેવી-દેવતાઓની મૂર્તિઓ પણ છે. ગુફા નં. 3 એ સૌથી મોટી ગુફા છે, જેમાં ભગવાન વિષ્ણુ સંબંધિત અનેક પૌરાણિક કથાઓની કોતરણીઓ છે, અને તે સંકુલમાં ખૂબ જટિલ રીતે કોતરવામાં આવેલી ગુફા છે. ગુફા નં. ૪ જૈન ધર્મના જાણીતા લોકોને સમર્પિત છે. તળાવની આસપાસ, બદામી પાસે વધારાની ગુફાઓ છે, જેમાંથી એક બૌદ્ધ ગુફા હોઈ શકે છે.

# शरीरमाद्यं खलु धर्मसाधनम् ।।



**નેક ફ્લેક્સન અને એક્સ્ટેંશન**

(૮ થી ૧૦ આવર્તન કરી શકાય છે)



**નેક ફેસ ટુ ફેસ**

(૮ થી ૧૦ આવર્તન કરી શકાય છે)



**નેક લેટરલ ફ્લેક્સન**

(૮ થી ૧૦ આવર્તન કરી શકાય છે)

# -: અપેક્ષા રહિત કામ કરવું :-

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110<br>શાર્દૂલ શિશુ વિહાર વડોદરા :- 79845 49896 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |